Extra No. 372

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, OCTOBER 14, 2025 / ASHVINA 22, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટેલીજન્સ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જી-૨/ડ્રોન/ કામગીરી/૭૮૯/૨૦૨૧, તા.૦૧/૧૧/૨૦૨૧

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: SOG/ઝોન.નો ડ્રોન.જા.નામુ/૮૧૮/૨૦૨૫, તા.૦૬/૧૦/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨ - ૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૨૧૫૫ થી ૧૨૧૯૦/૨૦૨૫.-પોલીસ મહાનિરીક્ષક (ઈન્ટેલીજન્સ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગાંધીનગર દ્વારા વંચાણે-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ શહેર/જિલ્લા તરફથી આવેલ રેડ/યલો ઝોનમાં વર્ગીકૃત થયેલ માહિતીની ચકાસણી કરી તેઓની કચેરીની આંતરીક સમિતિ દ્વારા રાજ્યમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતાં ૧૪૨૫ સ્થળોને રેડ ઝોનમાં તેમજ ૧૩૬૫ સ્થળોને યલો ઝોનમાં વર્ગીકૃત કરેલ છે. સદર માહિતીને અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગની અધ્યક્ષતામાં રચાયેલી કમિટી દ્વારા એપ્રુવ કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાના ૪૯ ઝોન પૈકી ૨૯ રેડ ઝોન અને ૨૦ યલો ઝોન જાહેર કરેલ છે.

પોલીસઅધિક્ષકશ્રી,નર્મદાએવંચાણે-(૨)નાપત્રથીજણાવ્યામુજબ"HandlingofSub-ConventionalAerialPlatformThreatsin the Country" એસ.ઓ.પી. અન્વયે ડ્રોનના હુમલા થવાની શક્યતા ધરાવતા નર્મદા જિલ્લામાં ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વના કુલ-૪૯ ઈન્સ્ટોલેશન આવેલ છે. UAV (Unarmed Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલ ડ્રોન અથવા કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને નર્મદા જિલ્લામાં આવેલ ક્રિટીકલ/ સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશનવાળા સ્થળોને હાનિ પહોંચાડવાની શક્યતા નકારી શકાય નહીં તેમજ જમ્મુ કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી જીલ્લામાં આવેલ મહત્વની જગ્યાઓએ આતંક ફેલાવી સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે.

જેથી ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વના કુલ-૪૯ ઈન્સ્ટોલેશન્સની આંતરિક સુરક્ષાને ધ્યાને રાખી, સુરક્ષા ચુસ્ત કરવા સદરહુ વિસ્તારોને "NO DRONE ZONE" વિસ્તાર જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ "NO DRONE ZONE" વિસ્તાર જાહેર કરવો આવશ્યક જણાય છે.

જાહેરનામું

આથી હું સી. કે. ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા આમુખ-(૩)થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લામાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વના નીચે મુજબના કુલ-૪૯ ઈન્સ્ટોલેશન્સ ને "NO DRONE ZONE" જાહેર કરૂં છું. સદરહુ વિસ્તારમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતાં ડ્રોન (DRONE) ચલાવવાની/ઓપરેટ કરવાની મનાઈ ફરમાવું છું.

અ. નં.	ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ ઈન્સ્ટોલેશનનું નામ	ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ ઈન્સ્ટોલેશનનું સરનામું	ઝોન	નો ડ્રોન ઝોન વિસ્તારના વર્તુળનું અંતર
૧	સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૨ કિ.મી.
૨	વોટર એરો ડ્રોમ, કેવડીયા	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૩	સરદાર સરોવર ડેમ	સરદાર સરોવર, કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૨ કિ.મી.
૪	કરજણ ડેમ	જીતગઢ, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૨ કિ.મી
૫	અક્તેશ્વર નર્મદા નદી પુલ	અક્તેશ્વર, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	યલો	૫૦ મીટર
૬	પોઈચા નર્મદા નદી પુલ	પોઈચા, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૫૦ મીટર
૭	૧૩૨ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. તિલકવાડા	તિલકવાડા, તા.તિલકવાડા, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૮	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. આમદલા	આમદલા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૯	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. નવાગામ	નવાગામ, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૦	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. ગરૂડેશ્વર	ગરૂડેશ્વર, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૧	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. કોઠી	કોઠી, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૨	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. નમાલપુર	નમાલપુર, તા.તિલકવાડા, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૩	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. રાજપીપળા	રાજપીપળા, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૪	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. પ્રતાપનગર	પ્રતાપનગર, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૫	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. આમલેથા	આમલેથા, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૬	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. અણીજરા	અણીજરા, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૭	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. ભચરવાડા	ભચરવાડા, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૮	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. મોટા રાયપરા	મોટા રાયપરા, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૧૯	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. દેડીયાપાડા	દેડીયાપાડા, તા.દેડીયાપાડા, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર

અ. નં.	ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ ઈન્સ્ટોલેશનનું નામ	ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ ઈન્સ્ટોલેશનનું સરનામું	ઝોન	નો ડ્રોન ઝોન વિસ્તારના વર્તુળનું અંતર
૨૦	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. બલ	બલ, તા.દેડીયાપાડા, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૧	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. ચીકદા	ચીકદા, તા.દેડીયાપાડા, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૨	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. સાગબારા	સાગબારા, તા. સાગબારા, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૩	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. ભોગવડ	ભોગવડ, તા.સાગબારા, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૪	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. ખૈડીપાડા	ખૈડીપાડા, તા.દેડીયાપાડા, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૫	૬૬ કે.વી. સબ સ્ટેશન જી.ઈ.બી. બીતાડા	બીતાડા, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૬	રીવર બેડ પાવર હાઉસ સરદાર સરોવર, કેવડીયા	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૭	કેનાલ હેડ પાવર હાઉસ સરદાર સરોવર, કેવડીયા	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૮	ઓરેવા પાવર પ્લાન્ટ કરજણ ડેમ, જીતગઢ	જીતગઢ, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૨૯	ગુજરાત ગેસ લીમીટેડ, વાવડી	વાવડી, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૧૦૦ મીટર
૩૦	સુરપાણેશ્વર વાઈલ્ડ લાઈફ સેન્ચુરી	ગરૂડેશ્વર, દેડીયાપાડા, સાગબારા અને નાંદોદ તાલુકાઓના જંગલ વિસ્તારમાં આવતા ગામો	રેડ	ઈકો સેન્સેટીવ ઝોનમાં આવતા ગામો
૩૧	જંગલ સફારી પાર્ક, કેવડીયા	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	રેડ	જંગલ સફારી પાર્ક વિસ્તાર
૩૨	એફ.એમ. રેડીયો સ્ટેશન, કેવડીયા	સર્કીટ હાઉસ, કેવડીયા, તા.ગરૂડેશ્વર જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૩૩	બી.એસ.એન.એલ. ટેલીફોન એક્ષચેન્જ રાજપીપળા	હરસિધ્ધિ માતા મંદિર સામે, રાધા સ્વામી કંપાઉન્ડ, રાજપીપળા, તા.નાંદોદ જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૩૪	કેવડીયા રેલ્વે સ્ટેશન	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	યલો	૫૦ મીટર
૩૫	સ્વામીનારાયણ મંદિર, પોઈચા	પોઈચા, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૩૬	હરસિધ્ધિ માતાનું મંદિર, રાજપીપળા	રાજપીપળા, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૩૭	યા મોગી માતાનું મંદિર, દેવમોગરા	સાગબારા, તા.સાગબારા, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૩૮	સીવીલ હોસ્પિટલ, રાજપીપળા	રાજપીપળા, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૩૯	કસ્બાવાડ, રાજપીપળા	રાજપીપળા, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૪૦	જિલ્લા જેલ જીતનગર	જીતનગર, તા.નાંદોદ, જિ.નર્મદા	રેડ	૫૦૦ મીટર
૪૧	શ્રેષ્ઠ ભારત ભવન જેટી, કેવડીયા	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	યલો	૨૫૦ મીટર
૪૨	જિલ્લા ન્યાયાલય, રાજપીપળા	રાજપીપળા, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર

અ. નં.	ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ ઈન્સ્ટોલેશનનું નામ	ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ ઈન્સ્ટોલેશનનું સરનામું	ઝોન	નો ડ્રોન ઝોન વિસ્તારના વર્તુળનું અંતર
૪૩	પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, નર્મદા(રાજપીપળા)	રાજપીપળા, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૪૪	જિલ્લા સેવા સદન, નર્મદા (રાજપીપળા)	રાજપીપળા, તા.નાંદોદ, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૪૫	કાકડીઆંબા ડેમ, કાકડીઆંબા	કાકડીઆંબા, તા.સાગબારા, જિ.નર્મદા	યલો	૨ કિ.મી
૪૬	ચોપડવાવ ડેમ, ચોપડવાવ	ચોપડવાવ, તા.સાગબારા, જિ.નર્મદા	યલો	૨ કિ.મી
૪૭	એસ.આર.પી. ગૃપ-૧૮, કેવડીયા	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	યલો	એસ.આર.પી. ગૃપ-૧૮ કેવડીયાનો કેમ્પસ એરીયા
૪૮	દૂધ ધારા ડેરી, દેડીયાપાડા	દેડીયાપાડાથી સાગબારા રોડ, દેડીયાપાડા, તા.દેડીયાપાડા, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર
૪૯	ટેન્ટ સીટી-૨, કેવડીયા	કેવડીયા, તા.ગરૂડેશ્વર, જિ.નર્મદા	યલો	૧૦૦ મીટર

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી ૧૨/૧૨/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// અપવાદ //

પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના સંસાધનો તેમજ પોલીસ વિભાગના અભિપ્રાયના આધારે અત્રેથી આપવામાં આવેલ પરવાનગીના સંશાધનોને આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

સી. કે. ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.06 18:16:29 IST